જા.નં/મા-૧/યોજના/૨૦૨૪

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
એ-૩,જિલ્લા સેવાસદન-૨,
અઠવાલાઇન્સ,સુરત
તા.૨૪/૦૫/૨૦૨૪

પ્રતિ,
આચાર્યશ્રી,
માધ્યમિક અને ઉ. મા. શાળાઓ
સરકારી, ગ્રાન્ટ ઇન એઇડ, ખાનગી **(GSHSEB અને CBSE** સંલગ્ન**)** તમામ,
સુરત, જિલ્લો :- સુરત.

વિષય : 'નમો લક્ષ્મી યોજના' અને 'નમો સરસ્વતી વિજ્ઞાન સાધના યોજના' સમય મર્યાદામાં અમલીકરણ કરવા માટે માર્ગદર્શક સૂચના

સંદર્ભ : (૧) ગુજરાત સરકાર, શિક્ષણ વિભાગ નો ઠરાવ ક્રમાંક : **ED/CEF/e- file/3/2023/ 5297/CHH** તા : ૧૨/03/૨૦૨૪

(૨) ગુજરાત સરકાર, શિક્ષણ વિભાગ નો ઠરાવ ક્રમાંક : **ED/MIS/e- file/3/2023/ 5073/CHH** તા : ૧૨/03/૨૦૨૪

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ મુજબ વિદ્યાર્થીઓ મા. અને ઉ.મા. શિક્ષણ પૂર્ણ કરે તથા કન્યા કેળવણીને પ્રોત્સાહન મળે તે હેતુથી રાજ્ય સરકાર દ્વારા અસરકારક કામગીરી થયેલ છે. માધ્યમિક અને ઉ.મા. શાળામાં કન્યાઓ વધુમાં વધુ પ્રમાણમા પ્રવેશ મેળવે અને ધો-૧૨ સુધી નો અભ્યાસ પૂર્ણ કરે તથા વધુમાં વધુ પ્રતિભાશાળી વિદ્યાર્થીઓ વિજ્ઞાન પ્રવાહમા પ્રવેશ મેળવી ધો-૧૨ સુધીનો અભ્યાસ પૂર્ણ કરે તે માટે વિદ્યાર્થીઓને પ્રોત્સાહક સહાય આપવાની સરકારશ્રીની નવીન પહેલ વર્ષ ૨૦૨૪-૨૫ થી ધો-૯ થી ૧૨ મા અભ્યાસ કરતી કન્યાઓ માટે સંદર્ભ (૧) દર્શિત ઠરાવથી 'નમો લક્ષ્મી યોજના' તેમજ ધો-૧૧ અને ૧૨ વિજ્ઞાન પ્રવાહમા અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે સંદર્ભ (૨) દર્શિત ઠરાવથી 'નમો સરસ્વતી વિજ્ઞાન સાધના યોજના' અમલમાં મૂકવાનું ઠરાવવામાં આવેલ છે.

સદર ઠરાવનો અમલ વર્ષ : ૨૦૨૪-૨૫ મા ધો -૯ થી ૧૨ મા અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે આયોજન કરેલ હોઈ આ યોજના હેઠળ મળતી સ્કોલરશીપ (લાભ) ની વિગતો પાત્રતા ધરાવતા તમામ વાલીઓ અને વિદ્યાર્થીઓને સમયમર્યાદામાં મળે તે માટે આપની કક્ષાએથી સુચારૂ આયોજન અને પૂર્વ તૈયારી કરવામાં આવે તો સરળતાથી અને ટૂંક સમયમાં વિદ્યાર્થીઓને સ્કોલરશીપ મળે તે કાર્યવાહી પૂર્ણ કરી શકાય. તે માટે નીચે દર્શાવેલ વિગતો અને આધારો વિદ્યાર્થીઓને પ્રવેશ આપતી વખતે જ મેળવી લેવાની રહેશે.

- શાળાઓએ શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫ શરૂ થયેથી તેઓની શાળામાં ધો-૯ થી ૧૨ મા દાખલ થયેલા વિદ્યાર્થીઓની નોધણી વિદ્યા સમીક્ષા કેન્દ્ર અંતર્ગત **CTS** (ચાઈલ્ડ ટ્રેકિંગ સિસ્ટમ) પોર્ટલમા કરવાની રહેશે. તથા પાત્રતા ધરાવનાર ધો-૯ થી ૧૨ ના વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓની ખરાઈ જીલ્લા શિક્ષણાધિકારીની કચેરી ખાતે કરાવવાની રહેશે અને ત્યારબાદ પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓની યાદી પોર્ટલ પર અપલોડ કરવાની રહેશે.
- પાત્રતા ધરાવનાર વિદ્યાર્થીઓની **CTS** પોર્ટલ પર નોધણી તથા ચકાસણી શૈક્ષણિક સત્ર (જુન-૨૦૨૪) શરૂ થયેથી કરવાની રહેશે.
- આ યોજનાઓ અંતર્ગત પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓની હાજરી ૮૦ ટકા જળવાઈ રહે તે માટે આચાર્યશ્રીએ દર માસે વિદ્યાર્થી હાજરી પત્રકમાં હાજરી ચેક કરવી અને જરૂર જણાય તો સંબધિત વાલીને જાણ કરવી.
- નવા શૈક્ષણિક સત્રથી નિયમિતપણે શાળાના વિદ્યાર્થીઓ તેમજ શિક્ષકોની ઓનલાઈન હાજરી ફરજીયાતપણે ભરવાની રહેશે. ઓનલાઈન હાજરી બાબતે કોઈ પ્રશ્ન હોય તો આપની શાળાના સી.આર.સી તેમજ શહેરના **MIS** અંજલીબેન **9586821795** તથા સુરત ગ્રામ્યના **MIS** શ્રી અમીબેન **9512200833** નો સંપર્ક કરવાનો રહેશે. ઓનલાઈન હાજરી ન ભરવાના કારણે તેમજ વિદ્યાર્થીઓની અપૂરતી વિગતોને કારણે કોઈપણ પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓ આ યોજનાના લાભથી વંચિત રહી જશે તો શાળાના આચાર્યશ્રીની જવાબદારી નક્કી કરવામાં આવશે.

<u>'નમો લક્ષ્મી યોજના' તથા 'નમો સરસ્વતી વિજ્ઞાન સાધના યોજના' ધો-૯ થી ૧૨ વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓ માટે</u>

| નમો લક્ષ્મી યોજના | નમો સરસ્વતી વિજ્ઞાન સાધના યોજના |
|---|---|
| માધ્યમિક અને ઉ.મા. શાળામાં (ધો-૯ થી ૧૨) અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓ (કન્યા) માટે | ઉચ્ચતર માધ્યમિક વિજ્ઞાન પ્રવાહ શાળામાં (ધો-૧૧ અને ૧૨ વિજ્ઞાન પ્રવાહ) અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ (કુમાર અને કન્યા) માટે |
| આ યોજનાનો લાભ ધો-૯ થી ૧૨ ની અભ્યાસ કરતી ગુજરાત બોર્ડ અને **CBSE** બોર્ડની કન્યાઓને નીચેની શરતોને આધીન લાભ મળશે.<br>(૧) રાજ્યની સરકારી અને ગ્રાન્ટેડ શાળામાં ધોરણ ૮ પૂર્ણ કરેલ હોય તેવી ધો-૯ મા પ્રવેશ લેનાર વિદ્યાર્થીનીઓ.<br>(૨) ધો-૧ થી ૮ મા ખાનગી શાળામાં **RTE** નાં નિયમ પ્રમાણે પ્રવેશ મેળવી ધો-૧ થી ૮ નો અભ્યાસ પૂર્ણ કર્યો હોય તેવી ધો-૯ મા પ્રવેશ લેનાર વિદ્યાર્થીનીઓ. | **GSHSEB** અને **CBSE** દ્વારા માન્ય તમામ શાળાઓ શરતોને આધીન<br>(૧) ધો-૧૦ મા ૫૦% કે તેથી વધુ ગુણ મેળવનારને અને<br>(૨) રાજ્યની સરકારી અથવા ગ્રાન્ટેડ શાળામાં ધો-૯ અને ૧૦ મા અભ્યાસ પૂર્ણ કરેલ હોય તેવા તમામ વિદ્યાર્થીઓ<br>અથવા |

| | |
|---|---|
| (3) જો તે સરકારી અથવા ગ્રાન્ટેડ અથવા RTE નો લાભ લીધા વગર (સ્વનિર્ભર પ્રાથમિક શાળા) ભણેલ કન્યાના વાલીની કુટુંબની વાર્ષિક આવક રૂ. ૬00000/-(છ લાખ)કરતા ઓછી હોય તેવી ધો-૯ મા પ્રવેશ લેનાર વિદ્યાર્થીનીઓ. | રાજ્યની માન્ય સ્વનિર્ભર માધ્યમિક શાળાઓમાં ધો-૯ અને ૧૦ પૈકી બંને કે કોઈપણ એક ધોરણ નો અભ્યાસ કર્યો હોય અને જેઓના કુટુંબની વાર્ષિક આવક રૂ. ૬00000/- કે તેથી ઓછી હોય તેવા વિદ્યાર્થીઓ |
| <u>કુલ મળવા પાત્ર સહાય : રૂ. ૫0000/-</u><br>- ધો-૯ અને ૧૦ મા શૈક્ષણિક વર્ષ દરમ્યાન ૧૦ માસ માટે માસિક રૂ. ૫૦૦/- મુજબ વાર્ષિક રૂ. ૫૦૦૦/- પ્રમાણે બંને વર્ષના મળી કુલ રૂ. ૧૦૦૦૦/- ચૂકવવામાં આવશે. જ્યારે બાકીના રૂ. ૧૦૦૦૦/- ધો-૧૦ ની બોર્ડ પરીક્ષા પાસ કર્યેથી મળવાપાત્ર રહેશે. આમ ધો-૯ અને ૧૦ મળી કુલ રૂ. ૨૦૦૦૦/- મળવાપાત્ર છે.<br>- ધો-૧૧ અને ૧૨ મા શૈક્ષણિક વર્ષ દરમ્યાન ૧૦ માસ માટે માસિક રૂ. ૭૫૦/- મુજબ વાર્ષિક રૂ. ૭૫૦૦/- પ્રમાણે બંને વર્ષના મળી કુલ રૂ. ૧૫૦૦૦/- ચૂકવવામાં આવશે. જ્યારે બાકીના રૂ. ૧૫૦૦૦/- ધો-૧૨ ની બોર્ડ પરીક્ષા પાસ કર્યેથી મળવાપાત્ર રહેશે. આમ ધો-૧૧ અને ૧૨ મળી કુલ રૂ. ૩૦૦૦૦/- મળવાપાત્ર છે.<br>ધો-૯ થી ૧૨ નો અભ્યાસ સંપૂર્ણ પૂર્ણ કરતા કન્યાને કુલ રૂ. ૫૦૦૦૦/- સહાય મળશે. | <u>કુલ મળવા પાત્ર સહાય : રૂ. ૨૫૦૦૦/-</u><br>-જેમાં ધો-૧૧ અને ૧૨ મા શૈક્ષણિક વર્ષ દરમ્યાન ૧૦ માસ માટે માસિક રૂ. ૧૦૦૦/- મુજબ વાર્ષિક રૂ. ૧૦૦૦૦/- પ્રમાણે બંને વર્ષના મળી કુલ રૂ. ૨૦૦૦૦/- ચૂકવવામાં આવશે. જ્યારે બાકીના રૂ. ૫૦૦૦/- ધો-૧૨ ની બોર્ડ પરીક્ષા પાસ કર્યેથી મળવાપાત્ર રહેશે. |
| DBT દ્વારા માતાના ખાતામાં દર મહિનાની ૧૦ તારીખ સુધી. જો માતા હયાત નાં હોય તેવા કિસ્સામાં વિદ્યાર્થીઓના ખાતામાં જમા થશે. | DBT દ્વારા માતાના ખાતામાં દર મહિનાની ૧૦ તારીખ સુધી. જો માતા હયાત નાં હોય તેવા કિસ્સામાં વિદ્યાર્થીઓના ખાતામાં જમા થશે. |
| ૮૦% હાજરી ફરજીયાત થવી જોઈએ. | ૮૦% હાજરી ફરજીયાત થવી જોઈએ. |
| અધવચ્ચે થી શાળા છોડી દેનારની સહાય બંધ થશે પરંતુ ચૂકવેલી રકમ પરત લેવી નહિ. | અધવચ્ચે થી શાળા છોડી દેનારની સહાય બંધ થશે પરંતુ ચૂકવેલી રકમ પરત લેવી નહિ. |
| રીપીટર ને એક જ વખત સહાય મળશે<br>-પરીક્ષા પાસ કર્યે આગળ સહાય ફરી ચાલુ કરાશે. | રીપીટર ને એક જ વખત સહાય મળશે<br>-પરીક્ષા પાસ કર્યે આગળ સહાય ફરી ચાલુ કરાશે. |
| અન્ય સ્કોલરશીપનો લાભ મળતો હશે તો પણ આ યોજનાનો લાભ મળશે. | અન્ય સ્કોલરશીપનો લાભ મળતો હશે તો પણ આ યોજનાનો લાભ મળશે. |

**<u>'નમો લક્ષ્મી યોજના' તથા 'નમો સરસ્વતી વિજ્ઞાન સાધના યોજના' ની અરજી કરવા માટે જરૂરી વિગતો અને આધારો</u>**

(૧)વિદ્યાર્થીના આધારકાર્ડની નકલ

(૨) માતાના આધારકાર્ડની નકલ

(૩)માતાના બેંકનાં ખાતાની પાસબૂકની નકલ/ચેક ( આધારકાર્ડ સાથે બેંક ખાતું લીંક હોવું જોઈએ)

(૪) જો માતા હયાત ના હોય તો વિદ્યાર્થીના બેંકનાં ખાતાની પાસબૂકની નકલ/ચેક( આધારકાર્ડ સાથે બેંક ખાતું લીંક હોવું જોઈએ)

(૫)કુટુંબની વાર્ષિક આવકનો દાખલો (સ્વનિર્ભર શાળાઓના કિસ્સામાં )

(૬)શાળા છોડ્યા પ્રમાણપત્રની નકલ

(૭)એસ.એસ.સી પરિણામની નકલ (નમો સરસ્વતી વિજ્ઞાન સાધના યોજના પૂરતી)

(૮)RTE હેઠળ અભ્યાસ કરેલ વિદ્યાર્થીના કિસ્સામાં ધો-૧ થી ૮ RTE હેઠળ અભ્યાસ કરેલ છે તે બાબત નુ જે શાળામાં અભ્યાસ કરેલ હોય તે શાળાના આચાર્યનું પ્રમાણપત્ર મેળવી લેવું.

(૯) વિદ્યાર્થીનો UID નંબર

(૧૦)પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓના વાલીનો મોબાઈલ નંબર મેળવી લેવો.


ઉપરોક્ત યોજનાની તમામ માહિતી અને વિગતો શાળાના તમામ વિદ્યાર્થીઓ અને વાલીઓને અવગત કરાવવાના રહશે તથા જરૂરી માર્ગદર્શન આપવાનું રહશે. જેથી શાળાઓના વિદ્યાર્થીઓ સરકારશ્રીની આ યોજનાનો મહત્તમ લાભ મેળવી શકે.

ઉપરોક્ત વિગતો તથા આ સાથે સામેલ બીડાણ ધ્યાને લઇ આપની શાળાના તમામ વિદ્યાર્થીઓની માહિતી આધારો સહીત શૈક્ષણિક વર્ષની શરૂઆતમાં જ મેળવી લેવાની રહેશે. તથા હાલ શાળામાં અભ્યાસ કરતા (ધો-૧૦ અને ૧૨) વિદ્યાર્થીઓની માહિતી વેકેશન દરમિયાન મેળવીને એકત્રિત કરવાની રહેશે. તથા આ વિગતો આપની બીટના ઈ આઈ કે એ.ઈ.આઈ. દ્વારા માંગવામાં આવે ત્યારે ત્વરિત મોકલી આપવાની રહેશે.

કિશોર વયના વિદ્યાર્થીઓને શિક્ષણની સાથે સાથે પૂરતું પોષણ મળે અને તેઓનું સશક્તિકરણ થાય તે હેતુથી તેઓને આર્થિક સહાય આપવાની સરકારશ્રીની આ યોજનાના આપણે સૌ ભાગીદાર બનીને એક સકારાત્મક વલણ દાખવીએ.


જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિલ્લો-સુરત

# NAMO LAKSHMI
# District Approval Flow





**સૌપ્રથમ આપેલ લિંક પર ક્લિક કરશો.**

**ત્યારબાદ આપના જિલ્લા દ્વારા અત્રેની કચેરીએ જિલ્લા એપ્રુવર લીસ્ટ મુજબ જે મોબાઈલ નંબર મોકલી આપેલ હોય તે મોબાઇલ એન્ટર કરવાનો રહેશે.**





**ત્યારબાદ NAMO LAKSHMI લિંક ઉપર ક્લિક કરો.**





**NAMO LAKSHMI યોજના અંતર્ગત વિદ્યાર્થિનીઓના ફોર્મ અપ્રૂવ કરવા માટે આપના મોબાઈલથી રજીસ્ટ્રેશન કરશો.**

**રાજ્ય કક્ષાએથી ઈ મેઈલ મારફતે મોકલી આપેલ પિન એન્ટર કરશો.**




**મોબાઈલથી રજીસ્ટ્રેશન કર્યા બાદ રાજ્ય કક્ષાએથી મોકલી આપેલ પિન એન્ટર કરશો.**





**પિન એન્ટર કર્યા બાદ બે વિકલ્પ જોવા મળશે.**

**Approve Student Details અને View Summary**


**Approve Student Details માં વિદ્યાર્થિનીઓના ફોર્મ અપ્રૂવ કરવા માટે.**


**View Summary માં કેટલી વિદ્યાર્થિનીઓના ફોર્મ અપ્રૂવ અને રિજેક્ટ થયા તેની માહિતી જોવા મળશે.**




**View Summary** પર ક્લિક કરતા આપના જિલ્લાના તાલુકા દેખાશે.


આપ જે **તાલુકોના શાળા**ઓમાં ફોર્મ ભરાયેલા છે અને કેટલા વિદ્યાર્થિનીઓનુ પેન્ડીગ છે તે જોવા માટે તાલુકો પસંદ કરવાનો રહેશે.







તાલુકો પસંદ કર્યા બાદ ક્લસ્ટર પસંદ કરવાનો રહેશે.

ક્લસ્ટરના બાજુમાં સંખ્યા બતાવે છે તે કેટલી શાળાઓએ ફોર્મ ભરેલ છે તેની સંખ્યા છે.






## Namo Lakshmi Scheme (2023-2024)


PDF

| District | Block | Cluster |
| --- | --- | --- |
| Kachchh | BHACHAU | CHIRAI |


| School Code | School Name | Total students pending for approval | Approved Students |
| --- | --- | --- | --- |
| 24010304903 | GOVERNMENT HIGH SCHOOL LUNVA | 0 | 5 |

All accounts and transactions are handled by external parties.
SwiftChat.AI assumes no liability for losses or errors.


**ક્લસ્ટર પસંદ કર્યા બાદ View Summary ઉપર ક્લિક કરતાં શાળાવાર કેટલી વિદ્યાર્થિનીઓના ફોર્મ અપ્રૂવ થયા અને કેટલા ફોર્મ બાકી છે તે માહિતી જોવા મળશે.**





**વિદ્યાર્થિનીઓના ફોર્મ જિલ્લા કક્ષાએથી અપ્રૂવ કરવા માટે Approve Student Details ઉપર ક્લિક કરવાનું રહેશે.**





તાલુકામા જે ક્લસ્ટર છે તે દેખાય છે તે મુજબ ક્લસટર પસંદ કરવાના રહેશે.




મુજબ ક્લસ્ટર પસંદ કર્યા બાદ જે ક્લસ્ટરમાં શાળાઓએ વિદ્યાર્થિનીઓના ફોર્મ ભરેલ હશે તે શાળાઓની યાદી જોવા મળશે.





**શાળાનો 11 અંકનો ડાયસ કોડ send કર્યા બાદ શાળાની વિગતો જેવીકે શાળા કોડ, શાળાનું નામ,તાલુકો અને જિલ્લો જોવાં મળશે. આ વિગતોની ખરાઈ બાદ વિગાતો સાચી હોય તો "Yes, the details are correct" પર ક્લિક કરવાનું રહેશે.**





ત્યારબાદ જે ધોરણમાં શાળા કક્ષાએથી વિદ્યાર્થિનીઓના ફોર્મ ભરેલ હશે અને જીલ્લા કક્ષાએ એપ્રુવલ માટે મોકલી આપેલ હશે તે તમામ ધોરણ દેખાશે.

જીલ્લા કક્ષાએથી જે ધોરણમાં વિદ્યાર્થિનીઓના ફોર્મ એપ્રુવલ કરવાના છે તે ધોરણ પસંદ કરવાનું રહેશે.





**ધોરણ અને વર્ગ પસંદ કર્યા બાદ Resume Form બટન ઉપર ક્લિક કરવાનું રહેશે.**

**Resume Form બટન ઉપર ક્લિક કરતા જે તે ધોરણનાં તમામ વિદ્યાર્થિનીઓ ડ્રોપડાઉનમાં જોવા મળશે.**




**ધોરણમાં શાળા કક્ષાએથી વિધાર્થિનીઓના ફોર્મ ભરેલ હશે અને જીલ્લા કક્ષાએ એપ્રુવલ માટે મોકલી આપેલ હશે તે તમામ વિધાર્થિનીઓના નામ દેખાશે.**



Namo Lakshmi

dq48ptgyoez23.cloudfront.net

School Code: 24190202306

Grade: Class 10

Section: A


Student Name: KAJALBEN GOHIL


Student Personal Details

| | |
|---|---|
| Student Adopt the scheme | Yes |
| Student Name As Per Aadhaar Card | Anand Mishra |
| Student Aadhaar Card No. | 294929492941 |
| Student Aadhaar Card File Link | Aadhaar link |
| Mother Name As Per Aadhaar Card | Test |
| Mother Aadhaar Card No. | 294929494949 |
| Mother Aadhaar Card File Link | Aadhaar link |
| Bank Account Holder Name | Anand Jagdambaprasad Mishra |
| Bank Name | ICICI Bank |
| Beneficiary Passbook/Cancel Cheque | Click here |
| LC/Birth Certificate | Click here |
| Approve | Reject |


**જે વિદ્યાર્થિનીને ડ્રોપડાઉન માંથી નામ પસંદ કરેલ હશે તેની તમામ ભરેલ વિગતો જીલ્લા કક્ષાનાં એપ્રુવરએ અહી આપેલ લિંક દ્વારા વિગતોની ચકાસણી કરવાની રહેશે.**

**જીલ્લા કક્ષાનાં એપ્રુવરએ વિદ્યાર્થિનીના આધારકાર્ડની વિગતો, વિદ્યાર્થિનીના માતાના આધારકાર્ડની વિગતો, બેંકના એકાઉન્ટ હોલ્ડરની વિગતો અને LC/Birth Certificate ડોક્યુમેન્ટ ને ઓપન કરી 100% ધ્યાનપૂર્વક ચકાસણી કરવાની રહેશે.**




આ રીતે લીંક પર ક્લિક કરવાથી જે તે ડોક્યુમેન્ટ ખુલી જશે.



Namo Lakshmi
dq48ptgyoez23.cloudfront.net


School Code: 24190202306
Grade: Class 10
Section: A

Student Name: KAJALBEN GOHIL

## Student Personal Details

| | |
|---|---|
| Student Adopt the scheme | Yes |
| Student Name As Per Aadhaar Card | Anand Mishra |
| Student Aadhaar Card No. | 294929492941 |
| Student Aadhaar Card File Link | Aadhaar link |
| Mother Name As Per Aadhaar Card | Test |
| Mother Aadhaar Card No. | 294929494949 |
| Mother Aadhaar Card File Link | Aadhaar link |
| Bank Account Holder Name | Anand Jagdambaprasad Mishra |
| Bank Name | ICICI Bank |
| Beneficiary Passbook/Cancel Cheque | Click here |
| LC/Birth Certificate | Click here |
| Approve | Reject |


**જો તમામ વિગતો યોગ્ય જણાય તો અપ્રૂવ પર ક્લિક કરવાનું રહેશે. જેથી તે વિદ્યાર્થીનીનું ફોર્મ આપની કક્ષાએ અપ્રુવ થઇ જશે.**




જો તમામ વિગતો યોગ્ય ન જણાય તો રિજેક્ટ પર ક્લિક કરવાનું રહેશે.


ત્યારબાદ તેની નીચે કારણ દર્શાવા માટે ડ્રોપડાઉન આપેલ હશે જેમાંથી યોગ્ય કારણ પસંદ કરવાનુ રેહશે અને ત્યારબાદ સેવ બટન ક્લિક કરવાનું રહેશે.

તેમજ રીસેટ બટન પર ક્લિક કરી આપ ફરીથી વિગતો ચકાસી શકશો.





જો આપ રિજેક્ટ કરી સેવ બટન પર ક્લિક કરશો તો આપને ફરીથી કન્ફર્મ કરવા માટે પૂછવામાં આવશે જેનો યોગ્ય જવાબ આપવાનો રહેશે.


ત્યારબાદ ફરીથી બીજા નામને પસંદ કરી આગળ વધી શકાશે.




પછી તમે હોમ મેનુમાં જઇ વેરીફીકેશન સ્થિતિ તપાસો બટન સિલેક્ટ કરી આપ કેટલા ફોર્મ મંજૂર કરેલ છે કે, કેટલા અસ્વીકાર કરેલ છે તે વિગતો જે તે ક્લાસ માટે જાણી શકશો.




**જે તે અસ્વીકાર કરેલ માહિતી ફરીથી શિક્ષકના લોગીનમાં દેખાશે, જ્યાં તેઓ વિધાર્થીનીઓની વિગત ફરથી અપડેટ બટન પર ક્લિક કરી શકશે.**




**ધોરણ અને વર્ગ (Section)પસંદ કર્યા બાદ Namo Lakhsmi ફોર્મ ભરવા માટે Start Form પર ક્લિક કરશો.**

# Thank You